ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

### સે-૨૩ શોપિંગમાં સ્થિત

# બેંક ઓફ ઈન્ડિયાનુ એટીએમ સેન્ટર ડસ્ટબીન બન્યુ !!

ગાંધીનગર તા ૧૮

સે-૨૩ માં શોપિંગ સેન્ટરમાં સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એ ટી એમ સેન્ટરમાં છેલ્લા બે મહીનાથી ગંદકી ખદબદી રહી છે. ચોકી પહેરા વગરનુ આ સેન્ટર જાણે ડસ્ટબીન સમાન બની ગયુ છે. જેના લીધે રખડતા ઢોર પણ એ ટી એમ સેન્ટરમાં ઘુસી જાય છે. શહેરના એ ટી એમ સેન્ટરમાં અનેકવાર કેશ ન હોવાની ફરિયાદો આમ બની છે. પરંતુ આ એ ટી એમ સેન્ટરમાં કેશ તો પછીની વાત છે. પણ સ્વચ્છતાના નામે પણ મીંડુ છે. જયારે લાઈટો પણ ડુલ છે. સ્થાનિકોની આ ફરિયાદ કોઈ સાંભળતુ નથી. બે મહીનાથી એ ટી એમ ની મુલાકાત લેતા નાગરિકો આઘાત અનુભવી રહયા છે.



નોટબંધી બાદ કેશલેસ વ્યવહારનો ટ્રેન્ડ વધી ગયો છે. આમછતા ખિસ્સામાં રહેલા એ ટી એમ કાર્ડનો પણ વિશેષ ઉપયોગ થાય છે. બેંકો દ્વારા સેકટરોમાં વિવિધ ઠેકામે એ ટી એમ સેન્ટર કાર્યરત કરાયા છે. પરંતુ એ ટી એમ સેન્ટર પર પુરતી સુવિધાઓનો અભાવ હોવાથી ગ્રાહકોએ પારાવાર મુશ્કેલી વેઠવાનો વારો આવે છે. એમાંય એ ટી એમ કાઉન્ટર અનેકવિધ દુવિધાઓ વચ્ચે ઉકરડામાં ફેરવાય ત્યારે સ્થાનિક નાગરિકો માટે આશ્ચર્ય સાથે અનેક સમસ્યાઓ શિરદર્દરૂપ બને છે. આવી જ હાલત સે-૨૩માં મુખ્ય શોપિંગ સેન્ટર ખાતે સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એ ટી એમ સેન્ટરની છે. સે-૨૩ માં સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એ ટી એમ સેન્ટરમાં હાલ ગંદકીના ઢગ જામેલા છે. છેલ્લા બે મહીનાથી એ ટી એમ સેન્ટર ડસ્ટબીનમાં ફેરવાયુ છે. આ એ ટી એમનો ઉપયોગ સ્થાનિક તેમજ વેપારીઓ વિશેષ પ્રમાણમાં કરે છે. આમછતા આ ઠેકાણે સિક્યુરીટી પણ નથી. સલામતી વ્યવસ્થાના

**એટીએમ સેન્ટરમાં સિક્યુરીટી અને લાઇટ બેઉ નથી : કુતરા ઘુસી જાય છે : સ્થાનિકો પરેશાન**

● અનુસંધાન પાન-૭ પર



પાટણના પડઘા પાટનગરમાં - દલિત કર્મશીલ ભાનુભાઈ વણકરના આત્મવિલોપનના પગલે ગાંધીનગરમાં રવિવારે સાંજે કેન્ડલ માર્ચ યોજાઈ હતી.... ન્યાય માટે યોજાયેલ કેન્ડલ માર્ચમાં મોટી સંખ્યામાં દલિત પરિવારો જોડાયા હતા...

# આજથી વિધાનસભાના પ્રથમ સત્રનો આરંભ

**ત્રણ તબક્કામાં બેઠકો મળશે : પ્રથમ અધ્યક્ષની વરણી : દ્વિતીય રાજ્યપાલશ્રીનું સંબોધન : તૃતિય તબક્કામાં સત્રનો વિધિવત આરંભ**

ગાંધીનગર, તા.૧૮

૧૪મી ગુજરાત વિધાનસભાનું પ્રથમ સત્રનો આજથી વિધિવત રીતે આરંભ થશે. પ્રથમ દિવસે વિધાનસબાની બેઠકો ત્રણ તબક્કામાં મળશે.

વિધાનસભાની પ્રથમ બેઠક સવારે ૧૧ વાગે મળશે જેમાં વિધાનસભાના અધ્યક્ષશ્રી તરીકે રાજેન્દ્ર ત્રિવેદીની વરણી કરવામાં આવશે. સર્વાનુમતે તેમની વરણી કરવામાં આવશે.

પ્રોમોટ સ્પીકર દ્વારા વિધાનસભાના નવા અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે. રાજેન્દ્ર ત્રિવેદીની સર્વાનુમતે વરણી થઈ રહી છે તેવી જાહેરાત પછી વિપક્ષના નેતા અને ગૃહના નેતા તેમની ધારાસભ્ય તરીકેની ખુરશી સુધી જશે જ્યાંથી તેમને દોરીને અધ્યક્ષની ખુરશી સુધી લઈ આવશે. આ પછી તેઓ વિધાનસભાના અધ્યક્ષ તરીકેનો હોદ્દો સંભાળશે.

રાજ્યપાલશ્રીના સંબોધન બાદ ગૃહમાં વિરામ અપાશે. આ પછી પુનઃ ગૃહની બેઠક ૪૫ મિનિટ બાદ મળશે અને તેના સત્રનો વિધિવત આરંભ થશે.

વિરામ બાદ ગૃહના પૂર્વ સભ્યોના શોકદર્શક ઉલ્લેખો રજૂ થશે અને તે પછી ગૃહની કામગીરી મુલત્વી રહેશે.

અધ્યક્ષની ચૂંટણી પછી રાજ્યપાલશ્રીના સંબોધન પછી એમ બે વિરામ અને તે પછી ત્રીજી વખત બેઠક મળશે જેમાં ગૃહનો વિધિવત સત્રારંભ થશે. ૧૮૨ની સભ્ય સંખ્યા ધરાવતા ગૃહમાં ૯૯ સભ્યો ભાજપના છે. ૩ અપક્ષ સભ્યો, ૭૭ કોંગ્રેસના સભ્યો અને ૨ ટ્રાયબલ પાર્ટીના અને ૧ સભ્ય એન.સી.પી.ના છે. રિનોવેશન કરાયા બાદ ગૃહની બેઠક અહી મળી રહી છે. રિનોવેશનમાં વિધાનસભા સંકુલ તૈયાર કરી દેવમાં આવ્યું છે. મંત્રીઓની ચેમ્બરો પણ તૈયાર થઈ ગઈ છે. આ ઉપરાંત મહત્વની શાખાઓનું સ્થળાંતર નવા સંકુલમાં કરી દેવામાં આવ્યું છે. જો કે વિધાનસભા સચિવાલય હજુ થોડોક સમય સ્વર્ણિમ સંકુલમાં કાર્યરત રખાશે અને સત્રાંતે સંપૂર્ણ કાર્યરત નવા સંકુલમાં થશે તેમ મનાઈ રહ્યું છે.



વિધાનસભા પર રોશની - ઉદ્દઘાટનની પૂર્વ સંધ્યાએ રિનોવેટેડ વિધાનસભા સંકુલ પર રોશનીનો ઝળહળાટ ભવ્ય દશ્યમાન થાય છે...

# લગ્નસરાની મોસમ નિખરી લગ્નવર્ધિમાં બસો રોકાતા શહેરી બસ સેવા પ્રભાવિત

**ગાંધીનગર અમદાવાદ તેમજ ગ્રામ્ય વિસ્તારના રૂટમાં બસ સેવામાં કાપથી મુસાફરો પરેશાન**

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં લગ્નસરાની મોસમ નિખરી છે. જયારે વળતી ઠંડીના દિવસોમાં લગ્નસરાની મોસમ જામતા સેકટરોમાં લગ્નમંડપો વચ્ચે લગ્નગીતોના સુર રેલાયા છે. જયારે લગ્નસરાની સિઝનના લીધે એસ ટી બસ સેવા પણ પ્રભાવિત થઈ છે. પ્રતિદિન ૧૨ જેટલી એસ ટી બસો લગ્નવર્ધિ માટે ફાળવી દેવાતા શહેરી બસ સેવાને વિપરિત અસર થઈ છે. વિદ્યાર્થીઓ તેમજ કર્મચારી વર્ગને બસ મેળવવા માટે ફાંફા મારવા પડે છે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે અપડાઉન કરતા નોકરીયાત વર્ગની સંખ્યા વિશેષ છે. ત્યારે કર્મચારી ઉપરાંત વિદ્યાર્થીઓ પણ એસ ટી બસમાં રોજબરોજ અપડાઉન કરે છે. પરંતુ એસ ટી બસો સેવા વારંવાર સરકારી કાર્યક્રમ તેમજ લગ્નવર્ધિ સહીતના વિશેષ કાર્યક્રમોમાં ફાળવી દેવાતા અપડાઉન કર્તાઓએ પારાવાર હાલાકી વેઠવી પડે છે. આવા સંજોગોમાં મુસાફરો તેમજ રોજિંદ અપડાઉન કર્તા સ્થાનિકોએ ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી કરવી પડે છે. જયારે લગ્નસરાની સિઝનમાં પણ આમ નાગરિકોએ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં વન વિભાગ ૬૬૦ હેક્ટરમાં વૃક્ષોનું વાવેતર કરશે

**‘ગ્રીન ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર’ મિશન અંતર્ગત આયોજન કરાયું : ૬૬૦ હેક્ટરમાં ૬ લાખ વૃક્ષોનું વાવેતર થશે**

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૧૯માં વન વિભાગ દ્વારા ૬૬૦ હેક્ટરમાં વાવેતર કરવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

વન વિભાગ દ્વારા આ માટેનો એક્શન પ્લાન પણ તૈયાર કરી દેવાયો છે. જેમાં ૬ લાખ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવનાર છે. વન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર ગ્રામ વન, એગ્રો ફોરેસ્ટ્રી ઉપરાંત ધરોઈ, માણસા અને આંતરસુબાના જંગલ વિસ્તારમાં ૪૦૦થી વધુ હેક્ટરમાં વાવેતર કરવામાં આવનાર છે.

ગ્રીન ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ બનાવવાના લક્ષ્યાંક સાથે આગળ વધી રહેલી વન વિબાગે આ વખતે ચ-૦થી હાંસોલ બ્રિજ, ચ-૦થી અડાલજ સર્કલ સુધીના ૪૦ હેક્ટરમાં પણ રોડ સાઈડ પર ફુલ - છોડ સહિતના વૃક્ષોનું વાવેતર કરવાનો નિર્ણય કર્યો છે.

આ ઉપરાંત ૧૫ જેટલા ગ્રામ વન ઉભા કરવામાં આવનાર છે. હવે તંત્રએ વન વિભાગે જંગલ વિસ્તાર સહિતના ૬૬૦ હેક્ટર વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરવાનો મહત્વાકાંક્ષી નિર્ણય કરી અને આયોજન હાથ ધર્યું છે.

મળતી વિગતો પ્રમાણે ૧૦૦ હેક્ટરમાં ફાર્મ ફોરેસ્ટ્રી પણ ડેવલપ કરવામાં આવનાર છે. આ માટે ૧.૫૦ લાખ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવનાર છે.

જિલ્લામાં વન વિભાગ દ્વારા આ વખતે ચોમાસા દરમિયાન ૩૦ લાખથી વધુ વૃક્ષો તૈયાર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે સાત જેટલી નર્સરીઓને પણ સુસજ્જ કરી દેવામાં આવી રહી છે. જિલ્લામાં વન વિભાગ દ્વારા શાળા પ્રવેશોત્સવ તેમજ મનરેગા યોજના અંતર્ગત પણ વૃક્ષોના વાવેતરનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

# પાટનગરમાં ચક્કાજામના પ્રયાસો

**પોલીસ બળપ્રયોગ કરવો પડ્યો : સિવિલ હોસ્પિટલથી પથિકાશ્રમ સુધી બે વાર રેલી નીકળી : પથિકાશ્રમ ચક્કાજામ કરાતા હોસ્પિટલ રૂટને પગલે પોલીસે ટીંગાટોળી કરીને ૩૦ને ડીટેઈન કર્યા : હોસ્પિટલ ખાતે દિવસભર સમાધાન માટેના પ્રયત્નો ચાલુ રહ્યા**







ગાંધીનગર, તા. ૧૮

દલિત કર્મશીલ ભાનુભાઈ વણકરના આત્મવિલોપન બાદ કેટલીક માંગણીઓને લઈને પરિવારજનોએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી મૃતદેહ સ્વિકારવાનો ઈન્કાર કર્યો છે. આ ઘટનાના રાજયભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે અને ઠેર ઠેર ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. ગાંધીનગર અમદાવાદ બંધનું એલાન આપવામાં આવ્યુ હતુ. દરમ્યાન આજે સવારે અમદાવાદમાં જિગ્નેશ મેવાણીની પોલીસે કરી દીધેલી અટકાયતને પગલે જિગ્નેશ મેવાણીને મુક્ત કરવા સિવિલ હોસ્પિટલથી પથિકાશ્રમ સર્કલ સુધી રેલી નીકાળી ચક્કાજામના પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મૃતક ભાનુભાઈના પરીવારજનો તથા કુટુંબીજનો ઉપરાંત સમાજના વ્યક્તિઓ હાજર હતા. આ સ્થળે પોલીસ બંદોબસ્ત તૈનાત કરાયો હતો. ચ-૦ સર્કલ પાસે ચક્કાજામ કરવાના મેસેજને પગલે ચ-૦ સર્કલ અને ઘ-૦ સર્કલ ખાતે પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત મુકવામાં આવ્યો હતો. ચ-૦ સર્કલ ચક્કાજામ કરાય તે પહેલા અમદાવાદ ખાતેથી પોલીસે જીગ્નેશ મેવાણીની અટકાયત કરી લેવાઈ હતી. ચ-૦ પાંચ સાત વ્યક્તિઓ એકલ દોકલ એકત્ર થયા ત્યાંથી પોલીસે તેમને ડીટેઈન કરી લીધા હતા. દરમ્યાન સિવિલ હોસ્પિટલથી ટોળુ પથિકાશ્રમ સર્કલે રેલી સ્વરૂપે નીકળ્યુ અને ચક્કાજામનો પ્રયત્ન કર્યો હતો. ત્યાંથી ટોળુ રેલી સ્વરૂપે પરત હોસ્પિટલ આવી ગયુ હતુ. ત્યારબાદ બે કલાક બાદ સિવિલ હોસ્પિટલથી ફરી ટોળુ ઘ-૩ સર્કલ તરફ સરકાર વિરૂદ્ધ સુત્રોચ્ચાર સાથે અને જીગ્નેશ મેવાણીને મુક્ત કરવાની માંગ સાથે નિકળ્યુ હતુ. પથિકાશ્રમ સર્કલ પાસે પહોચેલુ ટોળુ રસ્તા પર સુઈને ચક્કાજામ કરવા લાગ્યું હતું. પોલીસો હોસ્પિટલ રૂટ હોવાથી દર્દીઓને હાલાકી પડશે તેવા સંકેત આપી ત્યાંથી ઉભા થવા વિનંતી કરી પણ કોઈ ઉભા ન થતા ટીંગાટોળી કરીને બળપ્રયોગ કરી ૩૦ને ડીટેઈન કરી લીધા હતા.

## સ્વ. ભાનુભાઈના પત્નિ ઈન્દુબેનની તબિયત લથડી

બે દિવસથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પોતાના પતિના મૃતદેહ પાસે બેસીને ન્યાય માંગી રહેલા ઈન્દુબેનની આજે બપોરે તબિયત લથડી હતી. સરકાર તરફથી માંગણી સ્વિકાર્યાના સમાચાર મળ્યા બાદ ઈન્દુબેને જવાબ આપ્યો હતો કે ‘જીગ્નેશ મેવાણી ચાર દિવસથી અમારી પડખે ઉભો છે, તેને મુક્ત કરો પછી અમે મૃતદેહ સ્વિકારીશુ.’ આટલુ કહીને બેઠા. તેટલી વારમાં અચાનક ચક્કર શરૂ થઈ જતા હોસ્પિટલમાંથી તબીબી સ્ટાફ બોલાવવાની ફરજ પડી હતી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com